આણંદ- ખેડા , મહિસાગર જિલ્લામાં દિવાળીની શાનદાર ઉજવણી આજે નૂતન વર્ષનો ઉમંગ છવાશે

ચરોતરના બજારો મોડી રાત સુધી ધમધમતા રહ્યા, નવા વર્ષના સ્વાગત માટે લોકોમાં અનેરો થનગનાટ

નડિયાદ સંતરામ અને ડાકોર મંદિરમાં દિવાળીએ ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું

(પ્રતિનિધિ) આણંદ, તા.૯

આણંદ નડિયાદ મહાનગરો સહિત સમગ્ર આણંદ ખેડા મહીસાગર જિલ્લામાં પ્રકાશના પર્વ દિવાળીની હર્ષોલ્લાસભેર ઉજવણી કરવામાં આવી છે . પડતર દિવસ નિમિત્તે લોકોએ આરામની સાથે નવા વર્ષની તૈયારીઓ કરી છે. ૧૦ નવેમ્બરના રોજ નૂતન વર્ષની ઉજવણી માટે જિલ્લાવાસીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. મંદિરોમાં અન્નકૂટ દર્શન અને સ્નેહમિલનના કાર્યક્રમો માટે વહીવટી તંત્ર અને મંદિર પ્રશાસન દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે.

ચરોતરના આણંદ નડિયાદ મહાનગરોથી લઈને તમામ તાલુકા મથકો અને ગ્રામ્ય વિસ્તારોમાં હિન્દુ ધર્મના સૌથી મોટા તહેવાર દિવાળીની ભવ્ય ઉજવણી થઈ હતી. લોકોએ પોતાના ઘરોમાં દીવા પ્રગટાવી રંગોળી પૂરી હતી અને નાના ભૂલકાઓથી લઈને મોટેરાઓએ ફટાકડા ફોડી તહેવારનો આનંદ માણ્યો હતો. દિવાળીના દિવસે વહેલી સવારથી જ નડિયાદના પ્રસિદ્ધ સંતરામ મંદિર અને યાત્રાધામ ડાકોરના રણછોડરાયજી મંદિર સહિત ચરોતરના દરેક મંદિરોમાં દર્શનાર્થીઓની ભારે ભીડ ઉમટી પડી હતી. જિલ્લાના મોટા ધાર્મિક સ્થાનો પર કરવામાં આવેલી ભવ્ય રોશનીના ઝગમગાટથી વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. તહેવારના ઉમંગ વચ્ચે બજારોમાં મોડી રાત સુધી નવા વર્ષ માટેની ખરીદીનો ધમધમાટ જોવા મળ્યો હતો. કપડાંથી લઈને સુશોભનની સામગ્રી અને મીઠાઈની દુકાનો પર ગ્રાહકોની ભારે ભીડ રહી હતી. મોંઘવારીના માર વચ્ચે પણ લોકોના ઉત્સાહમાં કોઈ ઓટ જોવા મળી ન હતી. મોડી રાત સુધી લોકોએ ફટાકડાની આતશબાજી કરી દિવાળીને વિદાય આપી હતી. પડતર દિવસે વેપારીઓએ પોતાના ધંધા રોજગાર બંધ રાખી પરિવાર સાથે સમય વિતાવ્યો હતો અને આવતીકાલે ઉજવાનારા નવા વર્ષની પૂર્વ તૈયારીઓ કરી હતી. ૧૦ નવેમ્બરના રોજ નવા વર્ષના આગમનને વધાવવા માટે ખેડા જિલ્લાના લોકો સજ્જ બન્યા છે. વહેલી સવારે નવા પરિધાન ધારણ કરી લોકો દેવદર્શને જશે અને ત્યારબાદ પોતાના સગા સંબંધીઓ તથા મિત્રોના ઘરે જઈને સાલ મુબારક અને નૂતન વર્ષાભિનંદન પાઠવશે. ગ્રામ્ય વિસ્તારોમાં હજુ પણ વહેલી સવારે ઘરે ઘરે જઈને નવા વર્ષના રામ રામ કરવાની પરંપરા અકબંધ છે. જે આવતીકાલે જીવંત થતી જોવા મળશે.

નવા વર્ષના તહેવારો દરમિયાન આણંદ ખેડા જિલ્લાના અનેક ગ્રામ્ય વિસ્તારોમાં પરંપરાગત રીતે માંડવીઓ ભરાશે. આ દિવસોમાં ગામડાઓમાં ભારે ચહલપહલ સાથે લોકમેળા જેવો માહોલ છવાશે, જેમાં આસપાસના લોકો મોટી સંખ્યામાં ઉમટી પડશે.

ચરોતરમાં ૩૬ એમ્બ્યુલન્સ અને ૧૫૫ આરોગ્ય કર્મીઓ તૈનાત

દિવાળી પર્વે અને બેસતા વર્ષે સૌથી વધુ ૨૫% સુધી કેસ વધવાની શક્યતા।

(પ્રતિનિધિ) આણંદ તા.૯

આણંદ - ખેડા જિલ્લામાં પ્રકાશના પર્વ દિવાળી અને આગામી તહેવારો દરમિયાન મેડિકલ ઈમરજન્સી કેસોમાં નોંધપાત્ર વધારો થવાની આગાહી ૧૦૮ ઈમરજન્સી સેવા દ્વારા કરવામાં આવી છે. ભૂતકાળના આંકડા અને વલણોના વિશ્લેષણના આધારે, ખેડા જિલ્લામાં સામાન્ય દિવસોની સરેરાશ ૧૨૬ ઈમરજન્સીની સરખામણીએ તહેવારના દિવસોમાં મોટો ઉછાળો જોવા મળી શકે છે.

આ અંગે ૧૦૮ ઈમરજન્સી સેવાના અંદાજ મુજબ, દિવાળીના દિવસે ૨.૩૮% ના વધારા સાથે અંદાજે ૧૨૯ ઈમરજન્સી કેસ નોંધાઈ શકે છે. નુતન વર્ષમાં સૌથી વધુ ૨૫.૪૦% ના ઉછાળા સાથે અંદાજે ૧૫૮ ઈમરજન્સી કેસ આવવાની શક્યતા છે. જ્યારે ભાઈબીજના રોજ ૧૭.૪૬% ના વધારા સાથે અંદાજે ૧૪૮ ઈમરજન્સી કેસ નોંધાવાનો અંદાજ છે. આ ઈમરજન્સી કેસોમાં થનારા સંભવિત વધારાને પહોંચી વળવા માટે ખેડા જિલ્લામાં ૩૬ જેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ અને ૧૫૫ જેટલા આરોગ્ય યોદ્ધાઓ સતત સેવામાં તૈનાત રહેશે.

૧૧૨ જનરક્ષક સેવા સાથે સંકલન

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતભાઈ શાહના હસ્તે લોકાર્પણ કરાયેલી ૧૧૨ જનરક્ષક સેવા પણ હવે ઇમરજન્સી સેવાઓ માટે કાર્યરત છે. નાગરિકો કોઈપણ ઇમરજન્સી સહાય માટે ૧૦૮ અથવા ૧૧૨ બંનેમાંથી કોઈપણ ટોલ ફ્રી નંબર પર સંપર્ક કરી શકે છે. આથી, તહેવારો દરમિયાન વાહન ચલાવતી વખતે, ફટાકડા ફોડતી વખતે અને ખાદ્ય પદાર્થોના સેવનમાં પૂરતી સાવચેતી રાખવા અપીલ કરાઈ છે. કોઈપણ આકસ્મિક સ્થિતિમાં વિલંબ કર્યા વગર તાત્કાલિક તબીબી સહાય માટે ૧૦૮ કે ૧૧૨ પર કોલ કરવા જણાવાયું છે.

અક્ષર ફાર્મમાં ચોપડા પૂજનનો કાર્યક્રમ સંપન્ન



અક્ષર ફાર્મમાં ચોપડા પૂજનનો કાર્યક્રમ યોજાયો હતો. વૈદિક મહાપૂજા વિધિ સાથે સંગીતમય માહોલમાં ચોપડા પૂજન-શારદા પૂજન વિધિમાં ખૂબ મોટી સંખ્યામાં હરિભક્તો જોડાયા હતા. આ પ્રસંગે વિશેષ સાંસ્કૃતિક કાર્યક્રમ અને નૃત્ય પણ કિશોરો-યુવકોએ પ્રસ્તુત કર્યા હતા. આ પ્રસંગે વરિષ્ટ સંત પૂજ્ય ભગવત્સ્વરૂપ સ્વામીએ સૌને દીપાવલી નિમિતે આશીર્વાદ પાઠવ્યા હતા. કાર્યક્રમના અંતે ભવ્ય આતશબાજીએ સૌને આનંદમાં ગરકાવ કરી દીધા

તહેવારની ઉજવણી સંદર્ભે બોલાચાલીની ફરિયાદ

નડિયાદ તાલુકાના ડભાણમાં જાદવ પરિવાર વચ્ચે તકરાર

જાનથી મારી નાંખવાની ફરીયાદ નોંધાવાઇ

(પ્રતિનિધિ) નડિયાદ, તા.૯

નડિયાદ તાલુકાના ડભાણ ગામમાં માંડવી ચોકમાં રહેતા પડોશીને તહેવારના દિવસે કેમ ઝઘડો કરો છો તેમ કહેતા યુવકને લાકડી મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ બનાવ અંગે નડિયાદ ગ્રામ્ય પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

નડિયાદ તાલુકાના ડભાણ માંડવી ચોકમાં રાકેશભાઈ વિનુભાઈ જાદવ પરિવાર સાથે રહે છે તા.૭ ની સાંજે રાકેશભાઈ ની મમ્મી મંગુબેન સાથે ઉદેશી મણીભાઈ જાદવએ ઝઘડો કર્યો હતો જેની જાણ થતાં રાકેશભાઈએ ઉદેશીભાઈ જાદવના ઘરે જઈ તમે તહેવારના દિવસે કેમ માથાકૂટ કરો છો તેમ કહેતા ઉદેશી ઉસકેરાઈ જઈ ગમે તેમ ગાળો બોલવા લાગ્યો હતો. જ્યારે નિકુલભાઈ જાદવે રાકેશભાઈ જાદવને માથામાં લાકડી મારતા બૂમાબૂમ થતા આજુબાજુના લોકો છોડાવવા દોડી આવતા ઉદેશી જાદવ, નિકુલ જાદવ તેમજ કાળુભાઈ જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી ગયા હતા. આ બનાવ અંગે રાકેશભાઈ વિનુભાઈ જાદવની ફરિયાદ આધારે નડિયાદ ગ્રામ્ય પોલીસે ઉદેશી મણીભાઈ જાદવ, નિકુલ બલવંતભાઈ જાદવ તેમજ કાળુભાઈ સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

સુંદરણા પાસે હાઈવે પર અજાણી કારની ટક્કરે વૃદ્ધાનું કરુણ મોત

ભાઇની ખબર કાઢવા આવેલા ફોઇનું સારવાર દરમિયાન દમ તૂટ્યો, કારચાલક ફરાર

(પ્રતિનિધિ) આણંદ, તા.૯

વાસદ-તારાપુર હાઇવે પર સુંદરણા ગામના શંકરપુરા પાટીયા પાસે ગત રવિવારે સવારે એક દર્દનાક હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. બીમાર ભાઈની ખબર અંતર પૂછવા માટે પિયર આવી રહેલા ૭૦ વર્ષીય વૃદ્ધાને અજાણ્યા ફોર વ્હીલર ચાલકે જોરદાર ટક્કર મારતાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. સારવાર દરમિયાન વૃદ્ધાનું કરૂણ મોત નીપજતાં પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. બનાવ બાદ કારચાલક વાહન લઇને સ્થળ પરથી ફરાર થઇ ગયો હતો. આ મામલે પેટલાદ રૂરલ પોલીસે અજાણ્યા કારચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, બોરસદ તાલુકાના ટેકરીયાપુરા નાવડ સીમમાં રહેતા ૭૦ વર્ષીય રઈબેન ફુલાભાઈ પરષોતમભાઈ ઠાકોરના ભાઈ બીમાર હોવાથી તેઓ સવારે રિક્ષામાં બેસીને પેટલાદ તાલુકાના સુંદરણા ગામે શંકરપુરા ખાતે ખબર કાઢવા આવ્યા હતા. શંકરપુરા પાટીયા પાસે રિક્ષામાંથી ઉતરીને તેઓ હાઇવે રોડ ક્રોસ કરી ઘર તરફ ચાલીને જઇ રહ્યા હતા. તે દરમિયાન સવારના આશરે સાડા અગિયાર વાગ્યાની આસપાસ વાસદ તરફથી પૂરઝડપે અને ગફલતભરી રીતે આવી ચડેલી એક અજાણી ફોર વ્હીલ ગાડીએ રઈબેનને જોરદાર ટક્કર મારી દીધી હતી.

અકસ્માત સર્જાતાં રઈબેન રોડના ડિવાઈડર પર પટકાયા હતા અને તેમના માથા તથા હાથ-શરીરના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેઓ બેભાન થઇ ગયા હતા. અકસ્માત બાદ સ્થાનિક લોકો દોડી આવ્યા હતા અને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ઈજાગ્રસ્ત વૃદ્ધાને તાત્કાલિક પેટલાદની એસ.એસ. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જોકે હાલત નાજુક હોવાથી વધુ સારવાર અર્થે વડોદરાની ગોત્રી જનરલ હોસ્પિટલ ખાતે રિફર કરાયા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમણે દમ તોડ્યો હતો.

જંત્રાલ : રાવણુ પરંપરા સાથે આજે ભવ્ય લોકમેળો

ગ્રામ્ય ભજન મંડળીઓ અને ગ્રામજનોની ઉપસ્થિતમાં રાવણું કર્યા બાદ લોકમેળાનો પ્રારંભ થશે

(પ્રતિનિધિ) બોરસદ તા ૯

બોરસદ તાલુકાના જંત્રાલ ગામે દર વર્ષની પરંપરા મુજબ આગામી નૂતન વર્ષના પ્રારંભ દિને પણ ભાથીજી મહારાજ મંદિરે લોકમેળો તેમ જ રાત્રે ભવાઈનો કાર્યક્રમ યોજાનાર છે. જંત્રાલ ગામે નુતન વર્ષના પ્રારંભ દિન તા.૧૦ નવેમ્બર મંગળવારે સવારે ગ્રામ્ય ભજનમંડળીઓ અને ગ્રામજનોની ઉપસ્થિતમાં રાવણું કર્યા બાદ લોકમેળાનો પ્રારંભ કરવામાં આવનાર છે.

લોકમેળા બાદ રાત્રે પાંચ મંદિરના ચોકમાં ગામઠી કલાકારોના અભિનય દ્વારા ભવાઈનો કાર્યક્રમ પણ યોજાશે.

જંત્રાલનો લોકમેળો નૂતનવર્ષના પ્રારંભ દિને જ યોજાતો હોવાથી જંત્રાલ તેમજ આજુબાજુના ગામોના નાનો-મોટો ધંધો-રોજગાર કરતા વેપારીઓ નૂતન વર્ષના વધામણાંની સાથોસાથ પોત-પોતાના ધંધાની શુભ શરૂઆત કરે છે.

મેળામાં અબાલ-વૃદ્ધ સૌ કોઈ ઉમટી પડે છે. નૂતનવર્ષ પ્રારંભદિને જ ભાથીજી મહારાજના દર્શનનો લહાવો મેળવી મેળાના આનંદભર્યો માહોલમાં લોકો ધન્યતા અનુભવતા હોવાનું જંત્રાલ લોકમેળા ઉત્સવ સમિતિ દ્વારા જણાવાયું છે.

બાલાસિનોર-હાંડીયા રોડ પર સ્વિફ્ટ કાર અને રિક્ષા વચ્ચે ગંભીર અકસ્માત

રિક્ષાચાલક વૃદ્ધનું ઘટનાસ્થળે જ મોત, ૬ મુસાફરો ગંભીર રીતે ઇજાગ્રસ્ત

(પ્રતિનિધિ) બાલાસિનોર, તા.૯

મહિસાગર જિલ્લાના બાલાસિનોરથી હાંડીયા તરફ જવાના રોડ પર રવિવારે મોડી રાત્રે સ્વિફ્ટ કાર અને સીએનજી પેસેન્જર રિક્ષા વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ ભીષણ ટક્કરમાં રિક્ષાચાલક ૬૯ વર્ષીય વૃદ્ધનું પેટ અને શરીરના ભાગે ગંભીર ઈજાઓ થવાથી ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે રિક્ષામાં સવાર એક જ પરિવારના બાળકો અને મહિલા સહિત ૬ મુસાફરોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત એટલો જોરદાર હતો કે રિક્ષાનો કચ્ચરઘાણ વળી ગયો હતો. બનાવ અંગે બાલાસિનોર ટાઉન પોલીસે કારચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી આદરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગળતેશ્વર તાલુકાના મેનપુરા ગામના શરીફમિયા ઈસુબમિયા શેખ (ઉ.વ. ૬૯) પોતાની સીએનજી રિક્ષા (GJ 07 VW 6112) ચલાવી ગુજરાન ચલાવે છે. અમદાવાદથી તેમના સંબંધી હસનભાઇ શેખ પરિવાર સાથે બાલાસિનોર બસ સ્ટેન્ડ ખાતે રાત્રે આવ્યા હતા. મોડી રાત્રે વાહન ન મળતાં શરીફમિયા અને તેમનો ૨૧ વર્ષીય પૌત્ર ઈમરાન રિક્ષા લઈને સંબંધીઓને લેવા પહોંચ્યા હતા. તમામને રિક્ષામાં બેસાડી પરત મેનપુરા જઈ રહ્યા હતા ત્યારે રાત્રિના આશરે સવા એક વાગ્યાના સુમારે જય અંબે માર્બલ નજીક સામેથી પૂરઝડપે અને બેફિકરાઈથી આવી રહેલી સફેદ સ્વિફ્ટ કાર (GJ 07 DF 0373) એ રિક્ષાને જોરદાર ધડાકાભેર ટક્કર મારી હતી.

આ ગંભીર અકસ્માતમાં રિક્ષાચાલક શરીફમિયાનું સ્થળ પર જ પ્રાણપંખેરુ ઊડી ગયું હતું. જ્યારે રિક્ષામાં સવાર તમામ ઈજાગ્રસ્તોને બાલાસિનોર સરકારી દવાખાને ખસેડાયા હતા, જ્યાંથી ગંભીર સ્થિતિને જોતાં ઈમરાનને ગોધરા સિવિલ અને અન્ય પરિવારજનોને વધુ સારવાર માટે અમદાવાદ રિફર કરવામાં આવ્યા છે.

ખેડા જિલ્લામાં અકસ્માતના ત્રણ બનાવમાં ચારને ઈજા,બે ના મોત

અકસ્માત સંદર્ભે સબંધીત પોલીસ મથકો મહેમદાવાદ પોલીસ દ્વારા તપાસ હાથ ધરાઈ

(પ્રતિનિધિ) નડિયાદ, તા.૯

ખેડા જિલ્લામાં સર્જાયેલા અકસ્માતમાં ત્રણ બનાવમાં બે ટુ વ્હીલર ચાલકનું ગંભીર ઈજા થતાં ઘટના સાથે સ્થળે મોત નિપજ્યું હતું જ્યારે ટેમ્પી મોટરસાયકલ સાથે અથડાતા ૪ ને ઈજા થઈ હતી. આ બનાવ અંગે જે તે પોલીસ મથકમાં ગુનો નોંધવામાં આવ્યો છે.

મહેમદાવાદ પૂજન હોસ્પિટલ પાછળ રહેતા બાબુનાથ મદારી ગઈકાલે ભંગાર ઉઘરાવવા એક્ટિવા લઈ અકલાચા તરફ જતા હતા તેઓ માંકવા ઓવરબ્રિજ ઉતરી વળતાં હતા આ દરમિયાન માંકવા તરફથી આવેલ મોટરસાયકલ અથડાતા એકટીવા ચાલક દિલીપ નાથ મદારી ઉંમર વર્ષ ૪૫ને રોડ ઉપર પડી જતા માથામાં તેમજ શરીર પર ગંભીર ઈજા થતાં તેમનું ઘટના સ્થળે મોત નિપજ્યું હતું.

આ બનાવ અંગે ઠાકોરનાથ બાબૂનાથ મદારીની ફરિયાદ આધારે મહેમદાવાદ પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી. ત્યારે અકસ્માતના બીજા બનાવની વિગત એવી છે કે મોદજમાં રહેતા નટવરભાઈ જગાભાઈ ચૌહાણ મોટર સાયકલ લઈ પોતાની ઉંદરા સાસરીમાં ગયા હતા ત્યાંથી ગઈકાલે સાંજે ઉંદરા થી મોટર સાયકલ લઈ ઘરે જવા નીકળ્યા હતા આ દરમિયાન મહુધા ડાકોર રોડ ઉપર શ્રીજી કોમ્પલેક્ષ નજીક બમ્પ કૂદાવતા મોટરસાયકલ સ્લીપ ખાઈ ગયુ હતું જેથી બાઇક ચાલક નટવરભાઈ ચૌહાણ ઉંમર વર્ષ ૫૦ નું માથામાં તેમજ શરીર પર ગંભીર ઈજા થતાં ઘટના સ્થળે મોત નિપજ્યું હતું.

આ બનાવ અંગે દીપકુમાર યોગેન્દ્રસિંહ ચૌહાણ ની ફરિયાદ આધારે મહુધા પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી. જ્યારે અકસ્માતના ત્રીજા બનાવમાં નડિયાદ તાલુકાના ભુમેલ ગામમાં રહેતા મહેશભાઈ રાવજીભાઈ પરમારની બહેનો ભાઈ બીજની ભેટ લઈને આવી હતી આ બંને બહેનોને મોટર સાયકલ પર બેસાડી મહેશભાઈ પરમાર મૂકવા જઈ રહ્યા હતા તેઓ રીંગરોડ મોટી નહેર નર્સરી પાસેથી પસાર થતા હતા ત્યારે સામેથી આવતી ટેમ્પી મોટરસાયકલ સાથે અથડાતા બાઈક ચાલક મહેશભાઈ રાવજીભાઈ પરમાર અને તેમની બંને બહેનો મીનાબેન અલ્પેશભાઈ પરમાર તેમજ શોભનાબેન વિજયસિંહ રાઠોડ તેમજ ટેમપી ચાલકને ઈજા થઈ હતી જેથી આ ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે મહેશભાઈ રાવજીભાઈ પરમારની ફરિયાદ આધારે નડિયાદ ટાઉન પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.









